# સુરતમાં રોગચાળો, 1 માસમાં 21 મોત

**સિવિલ**-સ્મીમેરમાં ઓગસ્ટ દરમિયાન ડેન્ગ્યુ, મેલેરિયા, ગેસ્ટ્રો, તાવ અને ટાઈફોડના 2300થી વધુ દર્દીઓ

**ખાનગી** હોસ્પિટલોમાં પણ દર્દીઓનો ધસારો, મનપાનું આરોગ્ય તંત્ર આરામના મૂડમાં?

સુરત : શહેરમાં ચોમાસાની ઋતુ દરમિયાન પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો હવે ગંભીર સ્વરૂપ ધારણ કરતો હોવાના બનાવો સામે આવી રહ્યા છે. એક મહિનામાં 21 થી વધુ મોત થયાની માહિતી મળી રહી છે. ડેન્ગ્યુ, મેલેરિયા, ટાઈફોઈડ, ગેસ્ટ્રો અને તાવના કેસો વચ્ચે ત્રણ અલગ-અલગ બનાવોમાં એક જ દિવસમાં 8 વર્ષની વિદ્યાર્થિની, 23 વર્ષીય યુવતી અને 37 વર્ષીય યુવાનના સારવાર દરમિયાન મોત થયા છે. માત્ર ઓગસ્ટ મહિનામાં નવી સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર હોસ્પિટલમાં ડેન્ગ્યુ, મેલેરિયા, ગેસ્ટ્રો, તાવ અને ટાઈફોઈડના મળીને 2300થી વધુ દર્દીઓ સારવાર માટે પહોંચ્યા હોવાની માહિતી સામે આવી છે. સરકારી હોસ્પિટલોના આ આંકડા ઉપરાંત ખાનગી હોસ્પિટલો અને દવાખાનાઓમાં પણ દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.

### ઓગસ્ટ મહિનામાં સરકારી હોસ્પિટલના દર્દી

| તાવનો પ્રકાર | સિવિલ | સ્મીમેર |
|---|---|---|
| ડેન્ગ્યું | 56 દર્દી | 44 |
| મેલેરિયા | 205 દર્દી | 178 |
| ગેસ્ટ્રો | 48 દર્દી | 95 દર્દી |
| તાવ | 700 દર્દી | 900 દર્દી |
| ટાઈફોઈડ | 79 દર્દી | 24 દર્દી |




### પાંડેસરાની 8 વર્ષની લક્ષ્મીનું તાવમાં મોત

**કેસ-1** પાંડેસરામાં રહેતા વિનોદ ગૌતમની 8 વર્ષીય પુત્રી લક્ષ્મી આદર્શ હિન્દી વિદ્યાલયમાં ધોરણ-2માં અભ્યાસ કરતી હતી. છેલ્લા બે દિવસથી તેને તાવ આવતો હતો. પરિવાર તેને બમરોલી સીએસસી ખાતે સારવાર માટે લઈ ગયો હતો. જોકે રવિવારે સાંજે અચાનક તેની તબિયત વધુ લથડતાં તે બેભાન થઈ ગઈ હતી. ત્યારબાદ પરિવારજનોએ તેને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી, પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

### ડેન્ગ્યુની અસર બાદ લસકાણાની યુવતીનું મોત

**કેસ-2** લસકાણામાં રહેતી મૂળ બિહારની 23 વર્ષીય રેણુકુમારી અજય મહંતને 24 ઓગસ્ટથી તાવ આવતો હતો. શરૂઆતમાં સ્થાનિક દવાખાનામાં સારવાર લીધા બાદ તે કામ પર પરત ફરી હતી. જોકે ત્યારબાદ તબિયત સતત બગડતાં તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. સ્થિતિ વધુ ગંભીર બનતા તેને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સારવાર દરમિયાન રવિવારે બપોરે તેનું મોત થયું હતું. રેણુકુમારીને ડેન્ગ્યુની અસર હોવાનું જાણવા મળ્યું છે.

### ટાઈફોઈડના નિદાન બાદ યુવાનનું મોત

**કેસ-3** ડિંડોલીના નવાગામ વિસ્તારમાં રહેતા 37 વર્ષીય નિકેશ આનંદરાવ નંદનવારને બે દિવસથી તાવ આવતો હતો. સ્થાનિક દવાખાનામાં સારવાર કરાવ્યા બાદ રિપોર્ટમાં ટાઈફોઈડની અસર હોવાનું નિદાન થયું હતું. રવિવારે સાંજે ઘરમાં હાજર હતા ત્યારે અચાનક તેમની તબિયત ગંભીર બની હતી અને તેઓ બેભાન થઈ ગયા હતા. પરિવારજનોએ તાત્કાલિક તેમને સ્મીમેર હોસ્પિટલમાં ખસેડ્યા હતા જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતાં.









## સરકાર-2ના ગણેશ આગમનમાં પણ ભારે અફડાતફડી, ભાગદોડ

**ઘોડદોડ** રોડ, રામચોક ખાતે મહિલાઓ અને બાળકો ભીડમાં દબાયાં, સદભાગ્યે કોઈ જાનહાનિ નહીં થઈ

**બોલિવૂડ** અભિનેતા સંજય દત્ત વિડીયો કોલ મારફતે જોડાતાં ભીડ બેકાબૂ બની જતાં અરાજકતા

**ટેબલો** તૂટ્યાં, લોકો નીચે પટકાયા અને ઈજાઓ થઈ, ધક્કામુક્કી-ગૂંગળામણની પણ સ્થિતિ સર્જાઈ

### 23મીએ થયેલી ભાગદોડથી પણ પોલીસે કોઈ જ બોધપાઠ નહીં લેતાં ફરી સમાન પરિસ્થિતિ સર્જાઈ

23 ઓગસ્ટે ભીડમાં સર્જાયેલી સમસ્યા બાદ 30 ઓગસ્ટે ફરી લગભગ સમાન પ્રકારની સ્થિતિ ઊભી થવી એ સ્પષ્ટ સંકેત આપે છે કે અગાઉની ઘટનામાંથી પૂરતો બોધપાઠ લેવામાં આવ્યો નથી. શું પોલીસને ભીડની સંભાવના અંગે અગાઉથી જાણ ન હતી કે પછી કોઈ મોટી ઘટનાની રાહ જોવાઈ રહી છે. ધાર્મિક કાર્યક્રમોના નામે લોકોની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી શકાય નહીં. શ્રદ્ધાળુઓ દર્શન અને ઉત્સવની ખુશી માટે આવે છે, ધક્કામુક્કી, ગૂંગળામણ અને અકસ્માતનો ભોગ બનવા માટે આવતા નથી.

સુરતઃ ગત 23 ઓગસ્ટે ઘોડદોડ રોડ રામચોક ખાતેથી સરકાર ગ્રુપ દ્વારા દુધાળા દેવ શ્રીજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. મોટી સંખ્યામાં લોકો ઊમટી પડતાં ભીડ નિયંત્રણ બહાર જતી રહી અને એમાં મહિલાઓ અને બાળકો ભીડમાં દબાયાં હતાં અને કેટલાક લોકોને ગૂંગળામણ અને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી. આટલી ગંભીર પરિસ્થિતિ બાદ પણ પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા આ કાર્યક્રમો માટે કોઈ કડક પાઠ લેવામાં આવ્યો ન હતો. કારણ કે, બીજી ઘટનાના માત્ર આઠ દિવસ બાદ એટલે કે 30 ઓગસ્ટે ફરીવાર બીજા સરકાર ગ્રુપ એટલે કે સરકાર-2 દ્વારા ઘોડદોડ રોડ રામચોક ખાતેથી ગણેશ આગમનની યાત્રા નીકળી હતી અને એમાં પણ હજારો લોકો ઊમટી પડ્યા હતા અને ફરી એકવાર અવ્યવસ્થાની પોલ ખુલ્લી પડી ગઈ હતી. આ કાર્યક્રમમાં બોલિવૂડ અભિનેતા સંજય દત્ત વિડીયો કોલ મારફતે જોડાતાં લોકોનો ઉત્સાહ અને ભીડ વધુ વધી હતી. સૌથી ગંભીર ઘટના ત્યારે બની જ્યારે ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી માટે ઊભું કરવામાં આવેલું ટેબલ અચાનક તૂટી પડ્યું હતું. તેના પર રહેલા લોકો નીચે પટકાયા હતા અને કેટલાક લોકોને નાની-મોટી ઇજા પહોંચી હોવાની માહિતી સામે આવી હતી. ટેબલ તૂટ્યા બાદ પણ પાછળથી લોકોનો ધસારો ચાલુ રહેતાં સ્થિતિ વધુ જોખમી બની હતી. ધક્કામુક્કી, ગૂંગળામણ અને બહાર નીકળવા માટેની મુશ્કેલી વચ્ચે લોકો પરેશાન થયા હતા. થોડું પણ વધુ દબાણ વધ્યું હોત તો પરિસ્થિતિ અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરી શકતી હતી. બે વાર એક જ સ્થળે આવી સ્થિતિ સર્જાયા બાદ તંત્રની કામગીરીમાં કોઈ મોટો ફેરફાર જોવા મળ્યો નથી.

## ભારે બદનામ કરવાની ધમકી આપી પત્રકાર દ્વારા 2.5 લાખની માંગણી

**ચેનલના** પત્રકાર કૌશિક પટેલે ફોરેક્સ ટ્રેડિંગના કામમાં વેપારીનું નામ જોડી પોસ્ટ મૂકી રૂપિયા ન આપે તો ધમકી આપી

સુરત : મોટા વરાછા વિસ્તારમાં પોર્ટલ ચલાવતા અને પત્રકાર તરીકે ઓળખ આપનાર શખ્સ સામે વેપારી પાસેથી પૈસા પડાવવાની ફરિયાદ થઈ છે. પત્રકારે સોશિયલ મીડિયા પર ફોરેક્સ ટ્રેડિંગની સાથે વેપારીનું નામ જોડીને તેમને બદનામ કરવાની ધમકી આપી રૂપિયા ૨.૫ લાખની માંગણી કરી હતી. તેમાંથી ધમકી આપીને રૂપિયા ૫૦,૦૦૦ લઈ લીધા હતા અને બાકીના પૈસા માટે જેલમાં મોકલી દેવાની ધમકી આપી હતી.

મોટા વરાછામાં રહેતા ૨૮ વર્ષના વેપારી મીતકુમાર ગોધાણી ૨૯ જુલાઈના રોજ ઘરે હતા. તે સમયે કૌશિક પટેલે પોતાના ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પેજ પર મીતકુમારનો ફોટો અને નામ એક કંપની સાથે જોડી ખોટી પોસ્ટ મૂકી બદનામ કરવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ મીતકુમાર મોટા વરાછા વિસ્તારમાં હતા ત્યારે કૌશિક પટેલ ત્યાં આવ્યો હતો અને સોશિયલ મીડિયા પરથી પોસ્ટ હટાવવા બદલ રૂપિયા ૨,૫૦,૦૦૦ માંગ્યા હતા.

વેપારીએ ના પાડતા કૌશિકે ગાળો આપી લાકડાના ફટકાથી માર મારવાનો પ્રયાસ કર્યો હતો અને પૈસા નહીં આપે તો હાથ-પગ ભાંગી નાખવાની ધમકી આપી હતી. ડરી ગયેલા વેપારીએ તે સમયે રોકડા રૂપિયા ૫૦,૦૦૦ આપી દીધા હતા. આ પછી વેપારીએ પોતાના મિત્ર મારફતે વાત કરાવતા કૌશિકે બાકીના રૂપિયા ૨,૦૦,૦૦૦ નહીં મળે તો ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. ૪ ઓગસ્ટે ફરીથી બદનામ કરતી પોસ્ટ મૂકી વોટ્સએપ કોલ પર ધમકીઓ આપી હતી. તે સમયે વેપારી બહારગામ હોવાથી તરત ફરિયાદ થઈ શકી નહોતી. પાછા આવ્યા બાદ તેમણે ઉત્રાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે વોટ્સએપ કોલ રેકોર્ડિંગ અને સોશિયલ મીડિયાની વિગતોના આધારે આગળની કાર્યવાહી શરૂ કરી છે.

## દીકરીને મળવા ગયેલા પિતા પર સાસરિયાનો ઘાતકી હુમલો

**કોર્ટના** આદેશ મુજબ પુત્રીને મળવા પહોંચેલા વેપારી પિતાને પૂર્વ પત્ની, સાળા અને ભત્રીજાએ પાઇપ અને લાકડાના દંડાથી ઢોર માર માર્યો

સુરત : ઉધનામાં કોર્ટના આદેશ મુજબ દીકરીને મળવા ગયેલા પિતા પર સાસરિયાએ જીવલેણ હુમલો કરી દેવાની ઘટના બની છે.

અડાજણના પાલનપુર રોડ પર આવેલી ગ્રીન પેરેડાઈઝ સોસાયટીમાં રહેતા અને ઓલપાડના ઈસનપુર ખાતે રુદ્રા ફૂડ્સ નામે ટમેટા કેચઅપનો વેપાર કરતા ૩૬ વર્ષીય પ્રકાશ શંકરલાલ ગોરાણાના લગ્ન ૨૦૧૩માં ઉધના ખાતે રહેતી સરોજ મિસ્ત્રી સાથે થયા હતા. બે મહિના પહેલાં જ ફેમિલી કોર્ટમાંથી તેમના છૂટાછેડા થયા હતા. દંપતીની ૭ વર્ષની માસૂમ દીકરી પ્રિશા ૧૫ દિવસ પિતા પાસે અને ૧૫ દિવસ માતા પાસે રહે તેવી કોર્ટે શરત નક્કી કરી હતી. ગત ૨૯ ઓગસ્ટના રોજ રાત્રે દસ વાગ્યે પ્રકાશે દીકરી સાથે ફોન પર વાત કર્યા બાદ ચિંતા થતાં પૂર્વ પત્નીના ઘરે પહોંચ્યા હતા. તે સમયે સાળા કમલેશ મિસ્ત્રી, સુરેશ મિસ્ત્રી, તેમનો દીકરો ખુશાલ અને પૂર્વ પત્ની સરોજ બહાર ધસી આવ્યા હતા અને લાકડાના દંડા વડે પિતા પ્રકાશ પર જીવલેણ હુમલો કરી દીધો હતો. માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં પ્રકાશ લોહીલુહાણ થઈ ઢળી પડ્યા હતા. જે અંગે ઉધના પોલીસમાં ચારેય સામે ફરિયાદ નોંધવી છે.

